


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૭૦ ૧૧ ડિસેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; કારતક વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- રિયલ એસ્ટેટ બિલ : ઠગાઇ કરનારા બિલ્ડરોને સજા થશે
- ભાજપના સાંસદ વિરેન્દ્ર સિંહના નિવેદન ઉપર જોરદાર હોબાળો
- સલમાનનો નિર્દોષ છોડવાનો ચુકાદો કમનસીબઃ શિવસેના
- સલમાન નિર્દોષ છુટતા નિર્માતાઓને રાહત થઈ
- નીતીશ કુમારે ફોન ઉપર મોદી સાથે વાતચીત કરી
- મુંબઈ આતંકવાદી હુમલામાં હેડલીએ સ્વીકારેલી ભૂમિકા
- અમેઠીના બદલે પેપર મિલ હવે રત્નાગિરી ખાતે બનશે
- આઇએસને ૪૦થી પણ વધુ આતંકવાદી સંગઠનનો ટેકો
- ગૌમાંસ ઉત્સવ મામલામાં ૮ આયોજકોની ધરપકડ કરાઈ

# સલમાન હિટ એન્ડ રન કેસમાં નિર્દોષ

**સલમાનને ૧૩ વર્ષ બાદ આરોપથી મુક્તિ : મુંબઈ હાઈકોર્ટે ચુકાદો આપતા કરોડો ચાહકોમાં ખુશીનું મોજુ : સલમાન અંગે ચુકાદો અપાયો ત્યારે તેની બહેન અને પરિવારના અન્ય સભ્યો ઉપસ્થિત હતા**



મુંબઈ,તા. ૧૦

મુંબઈ હાઈકોર્ટે આજે બોલીવુડના સુપર સ્ટાર સલમાન ખાનને વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં તમામ આરોપોમાંથી મુક્તિ આપી દીધી હતી. આ મામલામાં હાઈકોર્ટે ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ સલમાનને રાહત આપવા તેના કરોડો ચાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. અગાઉ સમગ્ર દેશને હચમચાવી મુકનાર વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં ૬ઠ્ઠી મેના દિવસે દોષિત ઠેરવીને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. સલમાનને છઠ્ઠી મેના દિવસે એડિશનલ સેશન જજ ડીડબલ્યુ દેશપાંડેએ દોષિત ઠેરવીને આ સજા ફટકારી હતી. જો કે, કલાકોના ગાળામાં જ મુંબઈ હાઈકોર્ટે સલમાનને વચગાળાના જામીન આપી દીધા હતા. ત્યારબાદ તેની સજા સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી. આજના ચુકાદા પર તમામ લોકોની નજર પહેલાથી જ કેન્દ્રિત થયેલી હતી. ભરચક કોર્ટ રુમમાં ૪૯ વર્ષીય સલમાન સામે ચુકાદો જાહેર કરાયો હતો. ન્યાયમૂર્તિ એઆર જોશીએ આ ચુકાદો આપતા કહ્યું હતુ કે, સલમાનની અરજીને સ્વીકારવામાં આવે છે અને નીચલી કોર્ટના ચુકાદાને

● અનુસંધાન પાન-૭ પર

# મોદી ભારતમાં ફેસબુકના ચાર્ટમાં પ્રથમ સ્થાને રહ્યા

**ગ્લોબલ લેવલ પર પણ મોદી ટોપ ટેનમાં સામેલ ગ્લોબલ લેવલ પર અમેરિકી પ્રમુખ ઓબામા પ્રથમ ક્રમે**

નવી દિલ્હી,તા. ૧૦

સોશિયલ મિડિયામાં સતત પોતાની હાજરી સાબિત કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષે ભારતમાં ફેસબુકના ચાર્ટ પર પ્રથમ સ્થાને રહ્યા છે. ફેસબુકના સૌથી વધારે જોવામાં આવેલા ટોપિક્સના ચાર્ટમાં મોદી પ્રથમ સ્થાને રહ્યા છે. જ્યારે ગ્લોબલ સ્તર પર મોદી ટોપ ટેનમાં સ્થાન મેળવી લેવામાં સફળ રહ્યા છે. જ્યારે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા આ યાદીમાં પ્રથમ સ્થાન પર છે. આ સપ્તાહની શરૂઆતમાં ટ્વિટર પર સૌથી વધારે ફોલો કરનાર ભારતીયોના ટોપ ટેન સ્લોટમાં મોદી એકલી એવી સેલિબ્રિટી રહી હતી જેમના સંબંધ બોલિવુડ સાથે ન હતા. મોદીને ફેસબુક પર ટોપિકની કેટેગરીમાં સમગ્ર દુનિયામાં નવમાં ક્રમાક મળતા તેમના ચાહકો પણ ભારે ખુશ છે. ભારત માટે ટોપ ૧૦ની યાદીમાં માત્ર ત્રણ લોકો આમાં સામેલ થયા છે. જેમાં સ્વર્ગસ્થ પૂર્વ રાષ્ટ્રપતિ કલામ, અભિનેતા સલમાન ખાન અને દિપિકાનો સમાવેશ થાય છે. આ યાદીમાં ઈવેન્ટસનો દબદબો છે. ભારતમાંથી બીજા નંબર પર જે ટોપિક છે જેમાં ઈ-કોમર્સ બુમ છે. ત્યારબાદ કલામ, બાહુબલી અને નેપાળ ભૂકંપ છે. મોદીની પાસે લોકોની સાથે જોડાઈ જવા માટે પોતાની વેબસાઈટ પણ છે. તે પૈકી એક વ્યક્તિગત અને બીજી વડાપ્રધાન કચેરી હેઠળની છે. ટ્વીટર અને ફેબબુક ઉપરાંત મોદીની પાસે એક યુ ટ્યુબ ચેનલ અને મોબાઈલ એપ પણ છે. જેનાથી લોકો પોતાના ફોન પર તેમના સંદેશા મેળવી શકે છે. મોદી સોશિયલ મિડિયા પર સક્રિય રહેનાર સૌથી લોકપ્રિય નેતા પૈકી એક તરીકે છે.



# અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને કેબિનેટની મંજુરી

નવી દિલ્હી,તા. ૧૦

અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા માટેની આ મામલે પછડાટ આપી દીધી છે. હાલમાં મુંબઈ અને અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવામાં આવશે. છે. આ સપ્તાહમાં જાપાનના વડાપ્રધાન શિન્જો અબે ભારત પહોંચે તે પહેલા પ્રોજેક્ટને લીલીઝંડી મળી

**રૂપિયા ૯૮૦૦૦ કરોડનો પ્રોજેક્ટ મંજુર કરવામાં આવ્યો : જાપાનના વડાપ્રધાન શિન્જોની આ સપ્તાહની ભારત યાત્રા દરમિયાન વિધિવત જાહેરાત કરશે**

જવાબદારી હવે જાપાનને આપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જાપાને મોટી સફળતા મેળવી ચીનને ભવિષ્યમાં દિલ્હીને પણ આવરી લેવામાં આવશે. ૯૮૦૦૦ કરોડના પ્રોજેક્ટને કેબિનેટે મંજુરી આપી દીધી ગઈ છે. નિતી આયોગના વાઈસ ચેરમેન અરવિન્દ પેનાગરિયાએ કહ્યુ

● અનુસંધાન પાન-૭ પર



# અડાલજ ત્રીમંદિર પાછળથી વિદેશી દારૂનું મોટું ગોડાઉન પકડાયું

**બંકરની ઉપર સૂકું ઘાસ પાથરી દીધેલું હતું...! : બંકર બનાવીને અંદર સંતાડેલો રૂ. ૨૬,૬૧,૪૦૦ની કિંમતનો મસમોટો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડવામાં અડાલજ પોલીસને મળી સફળતા : ૪૮૨ પેટી વિદેશી દારૂ અને ૨૩૫ પેટી બિયરના ટીનનો જથ્થો જપ્ત : બુટલેગર વોન્ટેડ : પોલીસને બે દિવસે તો જગ્યા મળી...!**







ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક સ્થિત ત્રીમંદિરની પાછળ ખરાબામાં બંકર બનાવીને સંતાડવામાં આવેલો વિદેશી દારૂ-બિયરનો મસમોટો જથ્થો પકડી પાડવામાં અડાલજ પોલીસને સફળતા મળી છે. જમીનમાં ભોંયરૂ બનાવીને પાણીની ટાંકી માફક પતરાનું ઢાંકણું બનાવી તૈયાર કરેલા બંકરની ઉપર સૂકું ખાસ ઢાલવી દઈ બુટલેગરોએ નવી જ મોડસ ઓપરેન્ડી દારૂ સંતાડવા માટે વાપરી હતી. તેને શોધી કાઢીને અંદરથી અડાલજ પોલીસે ૪૮૨ પેટી વિદેશી દારૂ અને ૨૩૫ પેટી બિયરના ટીન મળી કુલ રૂ. ૨૬,૬૧,૪૦૦ની કિંમતનો દારૂ-બિયરનો મસમોટો જથ્થો પકડી પાડયો છે. દારૂનો જથ્થો સંતાડનાર ઉવારસદનો બુટલેગર સુરેશ ઠાકોર હજુ ફરાર છે. અડાલજ પોલીસે આ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લામાંથી કદાચ આટલો મોટો વિદેશી દારૂ-બિયરનો જથ્થો પકડાયો તે ઐતિહાસિક છે...! ગાંધીનગર ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી બાતમીદારો સક્રિય કરીને અડાલજ પી.આઈ. કે.કે. પંડયાની ટીમે મોટી સફળતા મેળવી છે. કોન્સ્ટેબલ જયરાજસિંહની બાતમીને આધારે પીએસઆઈ એમ.એલ. પરમાર તથા જયરાજસિંહ, મનુભાઈ ચૌધરી સહીતની ટીમ બે દિવસથી જગ્યા શોધી રહ્યા હતા. ત્રીમંદિર પાછળ ખરાબાની જમીનમાં પડેલા સૂકા ઘાસના પૂળા પર શંકા જતા પૂળા ખસેડીને જોયું ત્યારે આખું બંકર પોલીસને જોવા મળ્યું હતું. લોખંડનું ઢાંકણું લોક મારેલું હતું. તો લોક તોડીને અંદર પ્રવેશ કર્યો તો ભોંયરામાં મોટો રૂમ બનાવી મુકેલો હતો અને અંદર દારૂ અને બિયરની પેટીઓ જ પેટીઓ હતી...! અડાલજ પોલીસે ગઈ મોડી સાંજે બંકર શોધી કાઢયું હતું અને અંદરથી દારૂ-બિયરનો મોટો જથ્થો પકડયો હતો. ગોડાઉનમાંથી ૪૮૨ પેટી (૧૨૯૫૮ નંગ) વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો તથા ૨૩૫ પેટી (૫૬૪૦ નંગ) બિયરના ટીન મળી કુલ રૂ. ૨૬,૬૧,૪૦૦નો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ-બિયરનો મસ મોટો જથ્થો જપ્ત

● અનુસંધાન પાન-૭ પર

## બે દિવસ અગાઉ ઈન્દ્રોડામાં પકડાયેલ દારૂના કટીંગનો માલ પણ સુરેશનો હતો..!

ઈન્ફોસીટી પોલીસે કોમ્બીંગ નાઈટ દરમિયાન ઈન્દ્રોડા ગામમાંથી દારૂનું કટીંગ કરતા બે શખ્સોને એસ્ટીમ ગાડી અને દારૂ-બિયરના જથ્થા સાથે પકડયા હતા. જયારે બે શખ્સો ફરાર થઈ ગયા હતા. આ ફરાર થઈ ગયેલા શખ્સોમાં એક ઉવારસદનો સુરેશ લાખા ઠાકોર પણ હતો. કટીંગનો માલ પણ સુરેસ ઠાકોરનો જ હતો. જે ઈન્ફોસીટી પોલીસ મથકના તે ગુનામાં પણ વોન્ટેડ છે.

## દારૂની બોટલો પર નવેમ્બરનો બેચ માર્ક

બંકરમાંથી મળી આવેલા વિદેશી દારૂ બિયરના જથ્થાને જપ્ત કરીને પોલીસે તપાસ કરી તો બોટલો પર નવેમ્બર ૨૦૧૫નો બેચ માર્ક છે. જેને ધ્યાને લઈ કહી શકાય કે આ દારૂ-બિયરનો જથ્થો એકાદ અઠવાડિયામાં જ બંકરમાં ઠલવાઈને સંતાડવામાં આવ્યો છે. જો કે તે દિશામાં પણ પોલીસે તપાસ શરુ કરી છે.










